# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2558 ❖ બુદ્ધ પૂર્ણિમા ❖ 4 મે 2015 ❖ વર્ષ – 15 ❖ અંક – 2 ❖ સળંગ અંક - 182


## ધમ્મવાણી

किच्छो मनुस्सपटिलाभो,
किच्छं नेक्खम्मूपसमे रता ।
किच्छं सद्धम्मस्सवनं,
किच्छो बुद्धानमुप्पादो ।।

મનુષ્ય (જીવન–યોનિ) પ્રાપ્ત થવી કઠિન છે, મનુષ્યોનું જીવતા રહેવું કઠિન છે. શુદ્ધ ધર્મનું શ્રવણ (કરી શકવું) કઠિન છે, અને બુદ્ધોનું ઉત્પન્ન થવું કઠિન છે.

## શું પડ્યું છે 'નામ' માં ?

પ્રાચીન વાત છે. કોઇ વ્યક્તિના મા–બાપે તેનું નામ પાપક (પાપી) રાખ્યું. મોટો થયો તો તેને પોતાનું આ નામ બહુ જ ખરાબ લાગવા માંડ્યું. તેણે પોતાના આચાર્યને પ્રાર્થના કરી કે ભંતે ! મારું નામ બદલી આપો. આ નામ ખૂબ જ અપ્રિય છે કેમ કે ખૂબ જ અશુભ છે, અમાંગલિક છે. આચાર્યે તેને સમજાવ્યું કે નામ તો માત્ર ઓળખાણ માટે જ હોય છે, વ્યવહાર જગતમાં બોલાવવા માટે હોય છે. નામ બદલવાથી કોઇ અર્થ સિદ્ધ નહીં થાય. કોઇ પાપક નામ રાખીને પણ પોતાના સત્કર્મોથી ધાર્મિક બની શકે છે અને ધાર્મિક નામ રાખીને પણ પોતાના દુષ્કર્મોથી પાપી બની શકે છે. મુખ્ય વાત તો કર્મની છે, નામ બદલવાથી શું થશે ?

પરંતુ તે ન માન્યો. આગ્રહ કરતો જ રહ્યો. તો આચાર્યે કહ્યું, ''અર્થ–સિદ્ધ તો કર્મ સુધારવાથી જ થશે, પરંતુ જો તું નામ પણ સુધારવા માંગતો હોય તો જા ગામ–નગરના લોકો પાસે અને જો જેનું નામ તને માંગલિક લાગે તે મને બતાવ. તારું નામ પણ તે પ્રમાણે બદલવામાં આવશે.''

પાપક સુંદર નામવાળાઓની શોધમાં નીકળી પડ્યો. ઘરથી બહાર નીકળતાં જ તેને શબ–યાત્રાના દર્શન થયાં. પૂછ્યું, કોણ મરી ગયું ? લોકોએ બતાવ્યું જીવક. પાપક વિચારવા લાગ્યો, નામ તો જીવક છે, તમે છતાં મૃત્યુનો શિકાર થઇ ગયો ?

આગળ ગયો તો જોયું, કોઇ ગરીબ દીન દુખિયારી સ્ત્રીને મારપીટ કરીને ઘરની બહાર કાઢવામાં આવી રહી છે. નામ પૂછ્યું તો બતાવવામાં આવ્યું – ધનપાલી. પાપક વિચારવા લાગ્યો કે નામ ધનપાલી અને એક એક પૈસા માટે પરાધીન ?

હજુ આગળ ગયો તો કોઇ રાહ ભૂલેલી વ્યક્તિને – લોકોને રસ્તો પૂછતી જોઇ. તે વ્યક્તિનું નામ પૂછ્યું તો કહેવામાં આવ્યું – પંથક. પાપક ફરીથી વિચારમાં પડી ગયો. અરે ! પંથક પણ પંથ પૂછે છે! પંથક પણ પંથ ભૂલે છે.

પાપક પાછો ફર્યો. હવે નામ પ્રત્યે તેનું આકર્ષણ કે અનાકર્ષણ દૂર થઇ ચૂક્યું હતું. વાત સમજમાં આવી ગઇ. શું પડ્યું છે નામમાં ? જીવક પણ મરે છે અને અજીવક પણ. ધનપાલી પણ દરિદ્ર હોય છે અને અધનપાલી પણ. પંથક પણ માર્ગ ભૂલે છે અને અપંથક પણ. સાચે જ નામની ખોટી મહાનતા નિરર્થક જ છે. જન્મથી જ દુખિયારો અને નામ સદાસુખ. જન્મથી જ અંધ અને નામ નયનસુખ ! ભલે પાપક નામ રહ્યું મારું શું બગડે છે ? હું મારા કર્મ સુધારીશ. કર્મ જ પ્રમુખ છે, તે જ પ્રધાન છે.

જે વાત વ્યક્તિના નામ પર લાગુ પડે છે, તે જ સંપ્રદાયના નામ પર પણ લાગુ પડે છે. ન તો બૌદ્ધ સંપ્રદાયના સહુ લોકો બોધિસંપન્ન હોય છે અને ન તો જૈન સંપ્રદાયના સહુ આત્મજિત. ન તો બ્રાહ્મણ સંપ્રદાયના સહુ બ્રહ્મવિહારી હોય છે અને ન તો ઇસ્લામના સહુ સમર્પિત બને શાંત. જેમ દરેક વ્યક્તિમાં ભલાઇ–બુરાઇ બંને હોય છે. તેમ દરેક સંપ્રદાયમા સારા–નરસા બંને પ્રકારના લોકો હોય છે. કોઇ પણ સંપ્રદાયના ન તો બધા જ લોકો સારા હોઇ શકે કે ન તો ખરાબ. પરંતુ સાંપ્રદાયિક આસક્તિને લીધે દરેક વ્યક્તિને દુર્જન માનવા લાગીએ છીએ અને આવું કરીને આપણું જ મન મેલું કરીએ છીએ. બૌદ્ધ, જૈન, ખ્રિસ્તી અથવા મુસ્લિમ કહેવડાવવા માત્રથી ન તો કોઇ વ્યક્તિ સજ્જન બની જાય છે કે ન તો દુર્જન. બૌદ્ધ કહેવાતી વ્યક્તિ પરમ પુણ્યવાન પણ હોઇ શકે છે અને નિતાંત પાપી પણ. આ જ વાત સર્વ સંપ્રદાયો પર સમાન રૂપે લાગુ પડે છે. જેવી રીતે કોઇ વ્યક્તિને ઓળખવા માટે તેને નામ આપવામાં આવે છે, તેવી જ રીતે કોઇ સમૂહને ઓળખવા માટે જાતિ અથવા સંપ્રદાયનું નામ આપવામાં આવે છે. આ નામો સાથે ગુણને કોઇ સંબંધ નથી. તેલથી ભરેલા પીપ ઉપર શુદ્ધ ઘીનું લેબલ લગાવવાથી તેલ, તેલ જ રહે છે, શુદ્ધ ઘી નથી બની જતું. કોઇ સુંદર વ્યક્તિનું નામ કુરૂપ રાખવાથી તે કુરૂપ નથી બની જતી. અને કોઇ કુરૂપને સુંદર કહેવા લાગીએ તો તે સુંદર નથી બની જતી. ફૂલને કાંટો અથવા કાંટાને ફૂલ કહેવા લાગીએ તો પણ, ફૂલ–ફૂલ જ રહે છે અને કાંટો – કાંટો જ.

કોઇ વ્યક્તિ હોય તો રંક, પણ તેનું નામ હોય રાજન. આવી વ્યક્તિ જ્યાં સુધી એ તથ્યને સમજે છે કે, આ રાજન નામ કેવળ સંબોધન માટે છે, વાસ્તવમાં તો હું રંક જ છું, ત્યાં સુધી તો તે હોશમાં છે. પરંતુ જ્યારે તે રાજન નામનો દંભ માથે ચઢાવીને, રંક હોવા છતાં પણ પોતાને રાવ–રાજા માનવા લાગે છે અને બધાને હેય–દૃષ્ટિથી જોવા લાગે તો તે પ્રમત્ત વ્યક્તિ લોકોના ઉપહાસનું કારણ બની જાય છે. પરંતુ જ્યાં રાજન નામના હજારો–લાખો રંક હોય અને તે બધા સંગઠિત થઇને પોતપોતાને રાવ–રાજા માનવા લાગે તથા અન્ય બીજા બધાને હેય–દૃષ્ટિથી જોવા લાગે તો પાગલોનો આવો સમૂહ માત્ર ઉપહાસાસ્પદ જ નહિ, પરંતુ સમગ્ર સમાજ માટે ખતરાનું કારણ બની જાય છે. ઠીક આવી જ દશા આપણી થઇ જાય છે. જ્યારે આપણે જાતીયતા, સાંપ્રદાયિકતા અથવા રાષ્ટ્રીયતાનો નશો ચઢાવી પ્રમત્ત થઇ જઇએ છીએ અને પોતાની જાતને બીજાઓથી શ્રેષ્ઠ માની બીજાઓને ઘૃણા દૃષ્ટિથી જોવા લાગીએ છીએ. આવી અવસ્થામાં

આપણે પણ સમાજ માટે ખતરાનું કારણ બની જઇએ છીએ. સમાજની અશાંતિનું કારણ બની જઇએ છીએ. સુખ-શાંતિથી દૂર થઇ જઇએ છીએ, કેમ કે ધર્મથી દૂર થઇ જઇએ છીએ.

ધર્મને જાતિ, વર્ણ, વર્ગ, સંપ્રદાય, દેશ, રાષ્ટ્રની સીમાઓમાં બાંધી શકાતો નથી. માનવ સમાજના કોઇ પણ વર્ગમાં ધર્મવાન વ્યક્તિ હોઇ શકે છે. ધર્મ પર કોઇ એક વર્ગવિશેષનો એકાધિકાર નથી હોતો. ધર્મ આપણા સંપ્રદાયની જ નહીં, પરંતુ સમગ્ર સમાજની શોભા છે. જે માણસ નેક જ ન હોય તે નેક હિન્દુ અથવા મુસલમાન, નેક બૌદ્ધ અથવા જૈન, નેક ભારતીય કે બર્મી, નેક બ્રાહ્મણ કે ક્ષત્રિય કેવી રીતે હોઇ શકે ? અને જે માણસ નેક બની ગયો તે સાચા અર્થમાં ધર્મવાન બની ગયો. તેને કોઇ પણ નામથી સંબોધે તો શું ફેર પડે છે ? ગુલાબ, ગુલાબ જ રહે છે, નામ બદલવાથી તેની સુગંધમાં કોઇ જ ફેર નહિ પડે. જે કોઇ પોતાની સૌરભથી સુરભિત કરશે. તેથી પ્રમુખ વાત છે ધર્મવાન બનવાની, ભલા માનવ બનવાની, પછી નામ ગમે તે રાખો. બગીચો કોઇ પણ સમુદાયનો હોય, તેના ઉપર ભલે ગમે તે નામનું બોર્ડ લાગેલું હોય. ફૂલ ખીલવા જોઇએ, સૌરભ ફેલાવી જોઇએ.

સાંપ્રદાયિકતા અને જાતીયતાના રંગીન ચશ્માં ઉતારીને જોઇશું તો જ ધર્મનું શુદ્ધ સ્વરૂપ સમજમાં આવશે, અન્યથા પોતપોતાના સંપ્રદાયના રંગ-રોગાન જ, નામ-લેબલ જ, બધી જ પ્રમુખતા લઇ લેશે. ધર્મનો સાર મહત્ત્વહીન થઇ જશે. ધર્મની કસોટી પર કોઇ વ્યક્તિને ચકાસવી હોય તો, એ નહીં જોઇએ કે આ વ્યક્તિ ક્યા સંપ્રદાયની છે ? અથવા તો કઇ દાર્શનિક માન્યતાઓને માને છે? અથવા ક્યા રિવાજોને પાળે છે ? પરંતુ એ જોઇશું કે તે વ્યક્તિનું આચરણ કેવું છે? જીવન-વ્યવહાર કેવો છે ? કુશળ છે કે નહીં ? જો છે તો તે ધર્મવાન જ છે. જેટલો જેટલો છે, તેટલો તેટલો ધર્મવાન છે. અને જો નથી તો તે વ્યક્તિનો ધર્મ સાથે કોઇ સંબંધ નથી. ભલે તે પોતાને ગમે તે સંપ્રદાયનો કહે, ભલેને ગમે તેવો આકર્ષક બિલ્લો લગાવીને ફરે. ધર્મને આ સાંપ્રદાયિક બિલ્લાઓ સાથે શો સંબંધ ? માત્ર નામથી, બિલ્લાઓથી, આપણને શું મળવાનું છે. કોઇને પણ શું મળવાનું છે ? દૂધનું લેબલ જે બાટલી પર લગાવેલું હોય અને તે બાટલીમાં શરાબ ભરેલો હોય તો તેને પીવાથી તરત આપણે પોતાની જ હાનિ કરીશું. જો તેમાં પાણી ભરેલું હશે તો તેને પીવાથી તરસ ભલે છિપાવી દઇએ. પરંતુ બળવાન નહીં બની શકીએ. બળવાન બનવું હશે તો શુદ્ધ દૂધ જ પીવું પડશે. બાટલીના રંગ-રૂપ અથવા તેના ઉપર લગાવેલ લેબલ ગમે તે હોય, આ નામો અને લેબલોમાં શું રાખ્યું છે ? સાંપ્રદાયિકતા, જાતીયતા અને રાષ્ટ્રિયતાનું ભૂત માથા પર સવાર થાય છે તો, માત્ર બાટલી અને બાટલીના નામ અને લેબલને જ સંપૂર્ણ મહત્ત્વ આપવા લાગીએ છીએ. દૂધ ગૌણ બની જાય છે. ધર્મ ગૌણ થઇ જાય છે.

આવો, આ નામો અને લેબલોથી ઉપર ઊઠીને પોતાના આચરણને સુધારીએ. વાણીને સંયમિત રાખીને અસત્ય, કડવાશ, નિંદા અને નિરર્થક પ્રલાપોથી બચીએ. શરીરને સંયમિત રાખીને હિંસા, ચોરી, વ્યભિચાર અને પ્રમાદ-સેવનથી બચીએ. પોતાની આજીવિકાને શુદ્ધ કરીએ. લોક-અહિતકારી વ્યવસાયોથી બચીએ. મનને સંયમિત રાખીને, તેને વશમાં રાખવાનું શીખીએ. તેને સતત સાવધાન, જાગરૂક રહેવાનો અભ્યાસ કરાવીએ અને પ્રતિક્ષણ થતી રહેતી ઘટનાને જેવી છે, તેવી સાક્ષીભાવથી જોઇ શકવાનો અભ્યાસ વધારીને અંતરની રાગ, દ્વેષ અને મોહની ગ્રંથિઓ દૂર કરીએ. ચિત્તને નિતાંત નિર્મળ બનાવીએ. તેને અનંત મૈત્રી અને કરુણાથી ભરીએ. નામ-લેબલ વિનાના સાર્વજનિક ધર્મનું આ જ મંગલ વિધાન છે.

## સફળ જીવન

**સમય** : ૧ સપ્ટેમ્બર - ૧૯૭૪, પ્રાતઃ કાળ

**સ્થાન** : તિબેટી પુસ્તકાલય, ધર્મશાળા, હિમાચલ પ્રદેશ, ભદન્ત દલાઇ લામાના આમંત્રણથી આયોજિત દસ દિવસીય વિપશ્યના શિબિરની સુખદ પૂર્ણાહુતિ.

મધ્ય વીસીની ઉંમરની એક યુવાન-યુગલ જોડી. પહેલી જ શિબિરમાં ભાગ લઇને બંને એ અનુભવ કર્યો કે સાચે જ અવિદ્યાનું પડ તોડીને અમારો નવો જન્મ થયો છે. આ જ અમારો સાચો જન્મદિવસ છે. આધ્યાત્મિક જન્મદિવસ !

**સમય** : ૧ સપ્ટેમ્બર - ૧૯૮૩, પ્રાતઃ કાળ

**સ્થાન** : રશિયાની સીમાના આકાશમાં ઊડતું કોરિયન હવાઇ જહાજ મિસાઇલ વિસ્ફોટ દ્વારા અનેક યાત્રીઓ સહિત આ બંને દંપતીની શરીર-ચ્યુતિ.

પ્રાણીમાત્રનું જીવન કેટલું અનિશ્ચિત છે. મૃત્યુ ન જાણે ક્યારે આવી જાય ? કેવી રીતે આવી જાય ? યુવાન-વૃદ્ધ, પુરુષ-નારી બધાં મૃત્યુને પામે છે. બધા કેટલા અસહાય છે. જ્યારે કાળ આવી જાય તો સર્વસ્વ છોડીને ચાલ્યા જવું પડે છે. સારા નરસા કર્મ સંસ્કારો સિવાય કંઇ પણ સાથે નથી જતું.

બધા દૃશ્ય જીવોમાં મનુષ્ય જ સર્વશ્રેષ્ઠ પ્રાણી છે. મનુષ્યને જ પ્રકૃતિએ એવી શક્તિ આપી છે કે તે સ્વમુખી થઇને પોતાની ભીતરનાં સત્યોને સાક્ષીભાવથી જોઇ શકે છે. આ રીતે સમતામાં સ્થાપિત થઇને નવા કર્મ-સંસ્કારો બનાવવાના બંધ કરી શકે છે અને જૂની કર્મ-ગ્રંથિઓને કાપીને મુક્ત થઇ શકે છે. બીજું કોઇ પ્રાણી આવું કરી શકવામાં અસમર્થ છે. આથી જો મનુષ્ય પોતાની આ અદભુત, અસીમ, નૈસર્ગિક શક્તિથી અજ્ઞાત રહીને આનો ઉપયોગ નથી કરતો તો મનુષ્યનું જીવન જીવવા છતાં પણ વાસ્તવમાં મનુષ્ય જીવન નથી જીવી શક્તો. મનુષ્ય-જીવનની સાર્થકતા એમાં જ છે કે તે પોતાના અંતર્મનના ઊંડાણનું યથાસંભવ નિરીક્ષણ કરીને ત્યાં સંગ્રહિત વિકારોને દૂર કરી લે.

આ કસોટીથી પરખીને જોઇએ તો અલ્પ આયુષ્યમાં જુવાન દંપતી આઇરિન અને સ્ટુઅર્ટ સ્ટેકલરે મનુષ્ય-જીવન સાર્થક કર્યું.

બંને યુવાનીમાં કદમ રાખતાં જ માતા-પિતા, ભાઇ-બહેનોથી મોં ફેરવીને સત્યની શોધમાં હિપ્પીઓના સમૂહમાં જોડાઇ ગયાં. હિપ્પી સમુદાયના બધા જ દુર્ગુણોની સાથે સાથે સત્યની શોધની તીવ્ર અભિલાષા સાથે બંને ભારત આવ્યાં. અનેક આશ્રમોમાં રખડીને છેવટે વિપશ્યનાના સંપર્કમાં આવ્યા અને શિબિરમાં ભાગ લઇને જોયું કે જેની શોધ હતી તે માર્ગ મળી ગયો છે. સાચેસાચ તેમના માટે આ નવું જીવન આરંભ થયું હતું.

શુદ્ધ ધર્મના રાજપથ પર પહેલું કદમ રાખતાં જ બંનેએ પોતાનું જીવન અત્યંત શ્રદ્ધા અને આસ્થાપૂર્વક ધર્મને સમર્પિત કરી દીધું. હવે ધર્મ-પથ પર આગળ જ વધવું છે. પાછળ હટવું નથી. અને ન કોઇ આંધળી ગલી તરફ વળવું છે. આ દૃઢ સંકલ્પની સાથે બંને નવ વરસ સુધી ઉત્સાહપૂર્વક ધર્મ-પથ પર કદમ-કદમ આગળ વધતાં જ ગયાં.

વિપશ્યનાની પહેલી જ શિબિરથી હિપ્પી સમુદાયની બહાર નીકળી ગયાં. શીઘ્ર જ બધા જ દુર્ગુણોથી છુટકારો મેળવી લીધો. ન નશો-પતો, ન ઉન્મુક્ત યૌન-સંબંધ. શુદ્ધ, સાત્ત્વિક, શીલ-સંપન્ન જીવન જીવવા લાગ્યાં. થોડોક સમય પોતાના દેશ અમેરિકામાં અને થોડોક સમય ઇંગ્લેન્ડમાં રહ્યાં પછી સમ્યક્ આજીવિકાની શોધમાં બંને જાપાન અને બંને ત્યાંની પ્રસિદ્ધ કોલેજમાં અંગ્રેજી ભાષાના અધ્યાપનનું કામ કરવા લાગ્યાં અને

જીવનભર કરતાં રહ્યાં.

સવાર-સાંજની નિયમિત સાધના ક્યારેય ન છૂટી. વરસમાં એક કરતાં વધારે શિબિરોમાં ભાગ લેતાં રહ્યાં. પરિણામ સ્વરૂપે પ્રભૂત ચિત્ત-વિશુદ્ધિ ઉપલબ્ધ થઇ. માનસમાં મૈત્રી-કરુણાના સદ્ભાવ સ્વયં જાગવા લાગ્યા. સંસારમાં સર્વત્ર દુઃખ જ દુઃખ વ્યાપ્ત છે. લોકોને આ મંગલ-માર્ગ પ્રાપ્ત થઇ જાય તો તેઓ સાચેસાચ દુઃખવિમુક્ત થશે, આ કલ્યાણકામનાથી હૃદય ભરાઇ ઊઠ્યું. વધારેમાં વધારે રોગી લોકોને વિપશ્યનાની કલ્યાણકારિણી ઔષધિ કેવી રીતે પ્રાપ્ત થાય, આવી ભાવનાઓથી વિભોર થઇને નિઃસ્વાર્થ લોકસેવામાં લાગી ગયાં. કેલિફોર્નિયામાં સયાજી ઊ બા ખિન મેમોરિયલ ટ્રસ્ટ બન્યું તો તેના ટ્રસ્ટીના રૂપમાં, ઇંગ્લેન્ડમાં ટ્રસ્ટીના રૂપમાં અને ત્યાર બાદ જાપાનમાં ટ્રસ્ટ બન્યું તો તેના ટ્રસ્ટીના રૂપમાં લોક-મંગલનું સેવાકાર્ય કરતાં જ રહ્યાં.

ગૃહસ્થ જીવનની સઘળી જવાબદારીને નિભાવતાં બાકીનો સમય આત્મધ્યાન અને લોકસેવામાં જ વિતાવતાં રહ્યાં. **सब्बरसं धम्मरसो जिनाति** – ધર્મનો રસ એવો ચાખ્યો કે તેણે બીજા બધા રસોને જીતી લીધા. વૈભવ-વિલાસ અને આનંદ-પ્રમોદના બધા જ ઇન્દ્રિય-સુખ ફીકા લાગવા લાગ્યા. હવે તો કામના સમયે કામ અને બાકી સમયે અંતર્મુખી ધ્યાન અથવા બહિર્મુખી જન-સેવા. નોકરીથી જયારે રજા મળતી તો સ્વયં વિપશ્યના કરતાં અથવા ધર્મવાણીનું અધ્યયન કરતાં અથવા બીજાઓ માટે શિબિર લગાવવામાં સહયોગ આપતાં.

સદ્ધર્મ પ્રત્યે અસીમ નિષ્ઠાભાવ, ધર્મના સૈદ્ધાંતિક અને વ્યાવહારિક પક્ષની સમુચિત જાણકારી, વિપશ્યના સાધના પ્રત્યે અતૂટ લગન અને જીવનમાં આવેલી સહજ સાત્ત્વિકતાને જોઇને પાછલા ફેબ્રુઆરી (૧૯૮૩) મહિનામાં હૈદ્રાબાદની શિબિરો દરમિયાન બંનેને સહાયક આચાર્યની જવાબદારી સૌંપવામાં આવી. બંને અત્યંત વિનમ્ર ભાવથી આ જવાબદારી પણ નિભાવતાં ધર્મસેવામાં લાગી ગયાં.

ગયા એપ્રિલ મહિનામાં કોલેજમાં દસ દિવસની રજા પડી તો જાપાનમાં જ એક શિબિર લગાવી. જુલાઇ અને ઓગસ્ટમાં ફરીથી બે મહિનાની રજા મળી તો એક શિબિર મૈસાચુસેટ્સના વિપશ્યના કેન્દ્રમાં લગાવીને ઇંગ્લેન્ડની શિબિરમાં સહયોગ આપવા જતાં રહ્યાં.

સાધકોની આ બૃહત્ શિબિરનું પશિક્ષણ મોટે ભાગે આ બંનેએ જ કર્યું. આ શિબિર પછી તરત જ ઓગસ્ટ મહિનાના અંતમાં દસ દિવસની એક શિબિર ફ્રાંસમાં લગાવી. બધી શિબિરોના સાધકોએ આ નવા આચાર્યોની ભરપૂર પ્રસંસા કરી. બંનેની સહિષ્ણુતા, ધૈર્ય અને મૈત્રીભાવના કારણે સદાય ખીલેલા હસમુખા ચહેરાએ સાધકોને અત્યંત પ્રભાવિત કર્યા.

ફ્રાંસની શિબિર પૂરી કરીને પોતપોતાના જનની-જનક અને ધર્મ માતા-પિતાને મળવા ફરી ચાર-પાંચ દિવસ માટે અમેરિકા આવ્યા અને ન્યૂયોર્કથી કોરિયા થઇને જાપાન માટે રવાના થયા, જ્યાં તેમને ફરીથી અધ્યાપનના કામમાં લાગી જવાનું હતું, પરંતુ આ વચ્ચે આંતરરાષ્ટ્રીય રાજનૈતિક કુટિલતા અને નૃશંસ હિંસાના શિકાર બની ગયા.

આ બંને ધર્મ-પ્રાણીઓની જીવન-આહુતિથી વિશ્વના રાજનેતાઓમાં સદ્બુદ્ધિ જાગે. રાજનૈતિક કુટિલતા અને હિંસાથી ન આત્મ-શાંતિ ઉપલબ્ધ થશે, ન વિશ્વશાંતિ. ન આત્મ-કલ્યાણ થશે, ન વિશ્વ-કલ્યાણ. મૈત્રી, સરળતા અનેસદ્ભાવ જ શાંતિનો, કલ્યાણનો એકમાત્ર માર્ગ છે.

સૌ સાધકઆ આદર્શ ધર્મ-દંપતીના સાત્ત્વિક જીવનથી પ્રેરણા પ્રાપ્ત કરે! ધર્મ-પથ પર અગ્રેસર થાય, એ જ કલ્યાણ કામના છે.

**- 'જાગે પાવન પ્રેરણા' પુસ્તકમાંથી સાભાર**

## જામનગર વિપશ્યના પરિચય કાર્યક્રમ-અહેવાલ

જામનગર વિપશ્યના સમિતિ દ્વારા સમય સમય પર જામનગરના જિજ્ઞાસુ રહેવાસીઓ માટે વિપશ્યના કાર્યક્રમોનું આયોજન સ્થાનિક સ્તરે અને રાજકોટ, ધમ્મકોટ ખાતે કરવામાં આવે છે.

ગત વર્ષની જેમ ૩૦-નવેમ્બરે સ્થાનિક ટાઉનહોલમાં આયોજિત આવા એક કાર્યક્રમમાં લગભગ ૫૦૦ જિજ્ઞાસુ ભાઇ બહેનોને પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી વિપશ્યના સાધનાનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો હતો. જેના પરિણામે ધમ્મકોટ ખાતે તા. ૧૭-૧૨-૨૦૧૪ થી શરૂ થતી દસ દિવસીય શિબિરમાં જામનગરના ૩૮ ભાઇ બહેનોએ ભાગ લીધો હતો.

આ જ રીતે તા. ૨૨-૩-૨૦૧૫ ના રોજ રાજકોટ-ધમ્મકોટ ખાતે આયોજિત વિપશ્યના પરિચય કાર્યક્રમમાં જામનગરના આશરે ૨૦૦ ભાઇ બહેનો હાજર રહ્યા હતાં. આ કાર્યક્રમની ફળશ્રુતિ રૂપે તા. ૮-૪-૨૦૧૫ થી શરૂ થતી દસ દિવસીય શિબિરમાં જામનગરના ૨૮ ભાઇ-બહેનોએ ભાગ લીધો હતો.

આમ જામનગરમાં ત્રણ-ચાર માસમાં એક વખત વિપશ્યના પરિચય કાર્યક્રમ આયોજિત થતો રહે છે અને પરિણામે જિજ્ઞાસુ ભાઇ-બહેનોને શિબિર કરવાનો મોદ જાગે છે.

તદુપરાંત સ્થાનિક સરકારી/ખાનગી કચેરીઓ અને વ્યાપારી સંસ્થાનોમાં રૂબરૂ જઇ ધમ્મકોટમાં શિબિર શરૂ થવાના થોડા દિવસ અગાઉ વિપશ્યના શિબિર અંગેની માહિતી આપવામાં આવે છે. સ્થાનિક સમાચાર પત્રોમાં પ્રેસનોટ દ્વારા શિબિરની જાણ જાહેર જનતાને કરવામાં આવે છે. આ પ્રકારે જિજ્ઞાસુ ભાઇ-બહેનોને વિપશ્યના સાધના શિબિર માટે પ્રેરિત કરવામાં આવે છે, જેના સકારાત્મક પરિણામ જોવા મળ્યા છે.

### આગામી જામનગર વિપશ્યના પરિચય કાર્યક્રમ

**તારીખ** : ૨૮ - જૂન - ૨૦૧૫, રવિવાર
**સમય** : સવારે ૧૦-૦૦ થી બપોરે ૧-૦૦ સુધી
**સ્થળ** : એમ.પી. શાહ મ્યુ. ટાઉનહોલ, જામનગર.

**-:: સંપર્ક ::-**

ભગવાનદાસ મોતિયાણી મો.: ૯૮૯૮૬ ૭૧૨૫૧
રમેશભાઇ દવે મો.: ૯૪૨૮૯ ૬૩૯૩૫

## સહાયક આચાર્ય કાર્યશાળા (વર્કશોપ)

આ વર્ષ (૨૦૧૫) ની સહાયક આચાર્ય કાર્યશાળા ધમ્મસિંધુ બાડા કચ્છ ખાતે ૧૫ - ઓગષ્ટ - ૨૦૧૫ સવારે ૯.૦૦ કલાક થી ૧૮ - ઓગષ્ટ - ૨૦૧૫ બપોર દરમિયાન યોજાયેલ છે.

**નોંધ :** કાર્યશાળા અગાઉ તા. ૧૧ થી ૧૪ ઓગષ્ટ - ૨૦૧૫ દરમિયાન ૩ દિવસીય શિબિર થશે.

**-: રજીસ્ટ્રેશન :-**

**ધમ્મસિંધુ ઓફિસ પર : ૦૨૮૩૪ - ૨૭૩૩૦૩, મો.: ૯૯૨૫૬૭૪૧૦૪**

## ધમ્મકોટ પર આનાપાન મેડિટેશન અને વિપશ્યના પરિચય કાર્યક્રમ

જિજ્ઞાસુઓ માટે ધમ્મકોટ કેન્દ્ર પર આનાપાન મેડિટેશન અને વિપશ્યના પરિચય કાર્યક્રમ.

**તારીખ** : ૩૧ - મે - ૨૦૧૫, રવિવાર.
**સમય** : સવારે ૧૦ થી બપોરે ૧ સુધી. કાર્યક્રમ સંપન્ન થયા બાદ ભોજન વ્યવસ્થા રાખેલ છે. ભોજન અને અન્ય વ્યવસ્થા યોગ્ય રીતે થઇ શકે તે માટે આગોતરા રજિસ્ટ્રેશન કરાવીને જ પધારશો.
**સંપર્ક** : ધમ્મકોટ કેન્દ્ર : ૦૨૮૧ - ૨૯૨૪૯૨૪, મો.: ૯૩૨૭૯૨૩૫૪૦

| ભાવનગર વિપશ્યના કેન્દ્ર – **ધમ્મપાલી** | સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર–**ધમ્મકોટ** | કચ્છ વિપશ્યના કેન્દ્ર–**ધમ્મસિંધુ** | ગુર્જર વિપશ્યના કેન્દ્ર–**ધમ્મપીઠ** | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–**ધમ્મ દિવાકર** | દક્ષિણગુજરાત વિપશ્યના કેન્દ્ર–**ધમ્મ અંબિકા** | ધર્મજ વિપશ્યના કેન્દ્ર–**ધર્મજ** |
|---|---|---|---|---|---|---|
| ગામઃ તોડી,<br>સોનગઢ–પાલીતાણા રોડ, જી. ભાવનગર.<br>:: સંપર્ક ::<br>M : 7878103636<br>M : 9227542910 | રાજકોટ.<br>C/o. ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ–૧.<br>0281-2233666<br>M : 78 78 72 72 23<br>0281-2924942<br>M : 93279 23540<br>રજિસ્ટ્રેશન – સમય ૧૦:૦૦ થી ૦૧:૦૦ અને ૦૪:૩૦ થી ૭:૦૦<br>dhammakot@gmail.com | બાડા.<br>C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ,<br>પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી.<br>કચ્છ–૩૭૦ ૪૬૫<br>02834-273303<br>M : 78746 23305<br>M : 99256 74104 | અમદાવાદ<br>રનોડા<br>તા. ધોળકા,<br>જિ. અમદાવાદ–<br>૩૮૦ ૮૧૦<br>02714-294690<br>M : 94264 19397 | મીઠા, મહેસાણા.<br>C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.<br>02762-272800,<br>254634, 252345<br>M : 94292 33000 | નવસારી<br>નવસારી–બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.–8 બોરિયાચ ટોલનાકાથી 2km, વગલવાડ, તા.:ગણદેવી<br>02634-291100<br>292521<br>94281 60714<br>98250 44536<br>રજિસ્ટ્રેશન ૧૧થી ૫ દરમિયાન<br>0261-3260961 | હેમંતભાઈ પટેલ<br>02697- 245460,<br>245302<br>M : 94265 00765 |

## ૧૦ દિવસીય શિબિરની માહિતી

| ધમ્મપાલી | ધમ્મકોટ | ધમ્મસિંધુ | ધમ્મપીઠ | ધમ્મ દિવાકર | ધમ્મ અંબિકા | ધર્મજ |
|---|---|---|---|---|---|---|
| 10-06 to 21-06-15 | 03-06 to 14-06-15 | 07-06 to 18-06-15 | 03-06 to 14-06-15 | 03-06 to 14-06-15 | 17-06 to 28-06-15 | 04-07 to 15-07-15 |
| 08-07 to 19-07-15 | 17-06 to 28-06-15 | 21-06 to 02-07-15 | 03-07 to 14-07-15 | 17-06 to 28-06-15 | 01-07 to 12-07-15 | 01-08 to 12-08-15 |
| 19-08 to 30-08-15 | 01-07 to 12-07-15 | 05-07 to 16-07-15 | 15-07 to 26-07-15 | 15-07 to 26-07-15 | 15-07 to 26-07-15 | 01-10 to 12-10-15 |
| 06-09 to 17-09-15 | 15-07 to 26-07-15 | 19-07 to 30-07-15 | 29-07 to 09-08-15 | 29-07 to 09-08-15 | 01-08- to 12-08-15 | 20-11 to 01-12-15 |
| 14-10 to 25-10-15 | 29-07 to 09-08-15 | 18-08 to 29-08-15 | 12-08 to 23-08-15 | 12-08 to 23-08-15 | 29-07 to 09-08-15 | **મોગર કેન્દ્ર–ધમ્મ ભવન** વડોદરા. |
| 08-11 to 19-11-15 | 10-08 to 21-08-15 | 30-08 to 10-09-15 | 23-09 to 04-10-15 | 02-09 to 13-09-15 | 17-08 to 28-08-15 | દર મહિનાના પહેલા રવિવારે સામૂહિક સાધના |
| 16-12 to 27-12-15 | 30-08 to 10-09-15 | 13-09 to 24-09-15 | 07-10 to 18-10-15 | 16-09 to 27-09-15 | 02-09 to 13-09-15 | ૫-કાલિંદી પાર્ક, અકોટા અતિથિ ગૃહ પાછળ, વડોદરા-૩૯૦૦૨૦. |
| 15-01 to 26-01-16 | 23-09 to 04-10-15 | 27-09 to 08-10-15 | 21-10 to 01-11-15 | 23-09 to 11-10-15 | 30-09 to 11-10-15 | 0265-2341181<br>M : 94263 32180<br>vvs04@ hotmail.com |
| 03-02 to 14-02-16 | | | | | | |
| ફક્ત જૂના સાધકો માટે<br>15-05 to 26-05-15 | સતિપટ્ઠાન<br>13-09 to 21-09-15<br>12-01 to 20-01-16 | સતિપટ્ઠાન<br>31-07 to 08-08-15<br>૨૦ - દિવસીય<br>19-07 to 09-08-15 | ૧૦ - દિવસીય ગંભિર<br>17-06 to 28-06-15<br>૨૦ - દિવસીય<br>29-08 to 19-09-15 | સતિપટ્ઠાન<br>04-07 to 12-07-15 | સતિપટ્ઠાન<br>21-09 to 29-09-15<br>ટીનેજર્સ કોર્ષ (યુવતિઓ)<br>૧૬ થી ૧૯ વર્ષ<br>18-05 to 26-05-15 | |

**ઉના** સામૂહિક સાધના : સવારે ૬:૩૦ થી ૭:૩૦, **હરેશભાઈ જે. ટીલવાણી** ૪૨, વ્રજભૂમિ સોસાયટી, શેરી નં.૩, નવી મામલતદાર ઓફીસ પાછળ, ગીરગઢડા રોડ, મો.: 94277 38070

**ધોરાજી** સામૂહિક સાધના : સાંજે ૬:૧૫ થી ૭:૧૫, **ખીમજીભાઈ કોયાણી** કે.ઓ. શાહ કોલેજ, મો.: 98244 91245, એક દિવસીય શિબીર છેલ્લા રવિવારે, સમય : સવારે 8 થી 1

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ ફોટો આઈડી (ફોટો ઓળખપત્ર) ની ઝેરોક્ષ લાવવી ફરજીયાત છે.**

**દર મહિનાના બીજા રવિવારે સવારે ૯-૩૦ થી ૧૧-૦૦ કલાકે બાળકો માટેની ''આનાપાન'' શિબિર, માસુમ સ્કુલ, યુનિ. રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવે છે.**

## દોહા ધરમના

બૌદ્ધ કહાકર ક્યા મિલા ? હુઆ ન અંતર્બોધ ।
અપને મૈલે ચિત્ત કો, શોધ સકે તો શોધ ॥

જૈન કહાકર ક્યા મિલા ? મિલી ન મન કો ચૈન ।
જબ તક બાંધે ગ્રંથિયાં, તબ તક મન બેચૈન ॥

બ્રાહ્મણ કહલાએ મગર, નહીં બ્રહ્મ આચાર ।
મૈત્રી કરુણા કા છુટા, પાવન બ્રહ્મવિહાર ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

## દોહા ધરમના

કહે ઈસાઈ સ્વયં કો, કરે રાર તકરાર ।
કહાં ગવાયા બાવરે ! વહ ઈસા કા પ્યાર ?

મુસ્લિમ કહલાએ મગર, ભૂલ ગયા ઈસ્લામ ।
નહીં સમર્પણ, શાંતિ હૈ, કેવલ થોથા નામ ॥

શબ્દ બિચારા ક્યા કરે, અર્થ ન સમજે કોઈ ।
અર્થ બિચારા કયા કરે, ધારણ કરે ન કોય ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઈ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 4 મે 2015** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013
Postal Reg. No. RAJKOT/450/2015-17
(Renewed upto 31.12.2017)

Weighs less than 30 gms
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
Write PIN CODE for Correct Delivery

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org / **Web site :** www.kota.dhamma.org